ડાકોર નજીકના એડવેન્ચર પાર્કમાં ૫૦ વૃક્ષોનું વાવેતર કરીને પર્યાવરણ સંરક્ષણને પ્રોત્સાહન આપ્યું

વડોદરાના ૫૦ સાયકલ ચાલકોનો એક જ સંદેશ "વૃક્ષો વાવો, વૃક્ષો ઉછેરો અને પર્યાવરણનું રક્ષણ કરો."

● વડોદરા, તા. ૪

વડોદરાના પચાસ સાયકલ ચાલકો ડાકોર નજીકના એક એડવેન્ચર પાર્કમાં એક અનોખી પહેલ હેઠળ ૫૦ વૃક્ષો વાવવા માટે એકઠા થયા હતા. સાયકલ ચાલકોએ ડાકોર નજીક નેશ ખાતે આવેલા 'વૃષ્ટિ એગ્રો એન્ડ એડવેન્ચર પાર્ક'માં છોડ વાવ્યા હતા, જેનો હેતુ પર્યાવરણ સંરક્ષણને પ્રોત્સાહન આપવાનો અને વૃક્ષારોપણ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દ્રષ્ટિકોણને સમર્થન આપવાનો હતો.

આ ઝુંબેશનો ઉદ્દેશ્ય વનીકરણ વિશે જાગૃતિ ફેલાવવાનો અને સામૂહિક કાર્યો દ્વારા પ્રકૃતિનું રક્ષણ કરવાના સંદેશને મજબૂત કરવાનો હતો. બાળકોએ પણ આ અભિયાનમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો, જેણે સમુદાયને પર્યાવરણની જાળવણી માટે જવાબદારી લેવા પ્રેરણા આપી હતી. આ વૃક્ષારોપણ કાર્યક્રમ ગોપાલભાઈ પઢિયાર, ધનંજયભાઈ, સુનીલ પટેલ અને રશ્મિ એરંડેના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો, જેમણે ભૂતકાળમાં પણ આવા ઘણા પર્યાવરણીય પહેલોનું સફળતાપૂર્વક નેતૃત્વ કર્યું છે.સાયકલ ચાલકોએ વધુ વૃક્ષો વાવવાનું અને પર્યાવરણ સુરક્ષામાં યોગદાન આપવાનું વચન આપ્યું હતું. આયોજકોએ ભારપૂર્વક જણાવ્યું હતું કે માત્ર વૃક્ષો વાવવા એ પ્રથમ પગલું છે, અને તેમની નિયમિત સંભાળ તેમજ જાળવણી પણ તેટલી જ મહત્વપૂર્ણ છે. આ સ્થળની પસંદગી એટલા માટે કરવામાં આવી હતી જેથી છોડને યોગ્ય સિંચાઈ, માવજત અને તંદુરસ્ત વિકાસ મળી રહે, જે આ અભિયાનના સંદેશને વધુ મજબૂત બનાવે છેઃ "વૃક્ષો વાવો, વૃક્ષો ઉછેરો અને પર્યાવરણનું રક્ષણ કરો."

૨૪/૭ કંટ્રોલ રૂમ, ૧૮,૦૦૦ સર્વેલન્સ ટીમ, ૪૯૭ વધારાની વેક્ટર કંટ્રોલ ટીમ ક્ષેત્રિય કામગીરીમાં તૈનાત

ગુજરાત સરકારનું આરોગ્ય તંત્ર ભારે વરસાદની સ્થિતિ વચ્ચે એલર્ટ મોડ પર

● અમદાવાદ, તા.૪

પૂરગ્રસ્ત વિસ્તારોમાંથી ૬૭૫ સગર્ભા માતાઓનું સુરક્ષિત સ્થાનો પર સ્થળાંતર, જેમાંથી ૨૭૨ સફળ સંસ્થાગત પ્રસૂતિઓ કરાવવામાં આવી

૬,૮૬૮ મેડિકલ કેમ્પ દ્વારા ૧.૭૪ લાખથી વધુ નાગરિકોને સ્થળ પર જ સારવાર પૂરી પાડવામાં આવી

રાજ્યમાં તાજેતરમાં જ સર્જાયેલી ભારે વરસાદની આફત વચ્ચે ગુજરાત સરકારના આરોગ્ય વિભાગે સમયસૂચકતા અને પૂર્વ આયોજન સાથે સક્રિય કામગીરી કરી છે. ચોમાસા પહેલા અને ચોમાસા દરમિયાન રાજ્યના ૩૪ જિલ્લાઓ અને ૮ મહાનગરપાલિકાઓ માટે મોનસૂન એક્શન પ્લાન તૈયાર કરી તેને અમલી બનાવવામાં આવ્યો હતો. જેના પરિણામે, રાજ્યમાં પૂર અને અતિવૃષ્ટિ જેવી પરિસ્થિતિ છતાં પણ આરોગ્ય વિષયક કોઈ આકસ્મિક કટોકટી સર્જાઈ નથી અને રોગચાળો મહદઅંશે નિયંત્રણ હેઠળ રહ્યો છે. આરોગ્ય વિભાગ દ્વારા રાજ્યમાં ભારે વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોમાંથી સુરક્ષિત સ્થળે ખસેડાયેલા લોકોનું રીલીફ કેમ્પમાં નિયમિત મેડિકલ ચેક-અપ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ભારે વરસાદથી પ્રભાવિત અને પૂરગ્રસ્ત વિસ્તારોમાંથી ૬૭૫ સગર્ભા માતાઓનું અગાઉથી જ સલામત આરોગ્ય સંસ્થાઓમાં સ્થળાંતર કરવામાં આવ્યું હતું, જેમાંથી ૨૭૨ સગર્ભા માતાઓની સફળ સંસ્થાગત પ્રસૂતિઓ કરાવવામાં આવી છે.

ભારે વરસાદ દરમ્યાન આરોગ્ય વિભાગની કામગીરી

-- રાજ્યના ૩૪ જિલ્લા, ૮ મહાનગરપાલિકાઓમાં ૨૪૭૭ આરોગ્ય કંટ્રોલ રૂમ કાર્યરત -- રાજ્ય, જિલ્લા, તાલુકા કક્ષાએ રેપિડ રિસ્પોન્સ ટીમો, દરેક જિલ્લામાં વાહન અને સ્ટાફ સાથેની વધારાની ૫ ઈમરજન્સી મેડિકલ ટીમો પણ સજ્જ

-- ૧,૪૯૬ - ૧૦૮ એમ્બ્યુલન્સ, ૮૧૬ PHC-CHC એમ્બ્યુલન્સ તેમજ PHC-CHC ખાતે જનરેટર અને પૂરતો ડીઝલ સ્ટોક ઉપલબ્ધ

-- કુલ ૬,૮૬૮ મેડિકલ કેમ્પ યોજીને ૧.૭૪ લાખથી વધુ દર્દીઓનું આરોગ્ય તપાસીને સ્થળ પર જ જરૂરી સારવાર આપવામાં આવી

-- ૧૮,૦૦૦થી વધુ સર્વેલન્સ ટીમ દ્વારા દૈનિક ઘરે-ઘરે સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું

-- ૧.૦૫ કરોડથી વધુ ક્લોરીન ટેબ્લેટ્સ અને ૧૦.૨૯ લાખથી વધુ ORS પેકેટ્સનું વિતરણ કરવામાં આવ્યું

-- ૧૦.૫૨ લાખથી વધુ રેસિડ્યુઅલ ક્લોરીન ટેસ્ટ

-- પાણીની પાઈપલાઈનમાં પડેલા ૩,૦૬૧થી વધુ લીકેજનું યુદ્ધના ધોરણે સમારકામ પૂર્ણ કરવામાં આવ્યું

-- ૧.૫ કરોડથી વધુ ક્લોરીન ટેબ્લેટ્સ, ૬૦ લાખથી વધુ ORS, ૧,૩૮,૨૩૪ એન્ટી સ્નેક વેનમ ઈન્જેક્શનનો પૂરતો જથ્થો ઉપલબ્ધ

-- સર્પદંશના બનાવો સામે ત્વરિત સારવાર મળી રહે તે માટે ૧૦૮ એમ્બ્યુલન્સ સેવામાં પણ એન્ટી સ્નેક વેનમ ઈન્જેક્શન ઉપલબ્ધ

-- સુરત, તાપી, વલસાડ અને નવસારી જિલ્લાના ૫૬૨ ગામોમાં ૭.૬૧ લાખથી વધુ ઉચ્ચ જોખમ ધરાવતા લોકોને લેપ્ટોસ્પાયરોસીસ અટકાયત માટે કેમોપ્રોફાયલેક્સિસ (ડોક્સિસાયક્લિન) આપવામાં આવી

-- ૧૦૬ હાઈરિસ્ક ધરાવતા ગામોમાં IRS સ્પ્રેના છંટકાવનો પ્રથમ રાઉન્ડ પૂર્ણ કરવામાં આવ્યો.

છારા ગામે દરિયામાં પાંચ કિશોરો ડૂબ્યા

દરિયામાં ભારે કરંટ હોવા છતાં ન્હાવા પડેલા પાંચ કિશોર ડૂબ્યા

● ગીર સોમનાથ, તા.૪

દરિયાના ઉછળતા મોજા અને ઊંડા પાણીમાં બે મિત્રો ડૂબવા લાગતા તેમને બચાવવા માટે અન્ય ત્રણ મિત્રો પણ દોડ્યા હતા.પરંતુ જોતજોતામાં પાંચેય કિશોરો દરિયાના પાણીમાં તણાવા લાગ્યા હતા.ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના છારા ગામે દરિયાકિનારે એક મોટી દુર્ઘટના સામે આવી છે.દરિયામાં નહાવા પડેલા પાંચ કિશોરો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા.દરિયાના ઉછળતા મોજા અને ઊંડા પાણીમાં બે મિત્રો ડૂબવા લાગતા તેમને બચાવવા માટે અન્ય ત્રણ મિત્રો પણ દોડ્યા હતા.પરંતુ જોતજોતામાં પાંચેય કિશોરો દરિયાના પાણીમાં તણાવા લાગ્યા હતા.આ બનાવની જાણ થતાં જ આસપાસના વિસ્તારમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી અને સ્થાનિક લોકો દરિયા કિનારે દોડી આવ્યા હતા.

ઘટના સમયે નજીકમાં જ હાજર રહેલા સાહસિક સ્થાનિક માછીમારોએ સમયસૂચકતા દાખવીને તાત્કાલિક દરિયામાં છલાંગ લગાવી હતી. માછીમારોની ભારે જહેમત અને તાત્કાલિક બચાવ કામગીરીને કારણે ત્રણ કિશોરોને પાણીમાંથી સહીસલામત બહાર કાઢીને બચાવી લેવામાં સફળતા મળી હતી. જોકે દરિયાના ભારે કરંટને કારણે અન્ય બે કિશોરો ઊંડા પાણીમાં તણાઈને લાપતા થઈ ગયા હતા.

દરિયામાં લાપતા થયેલા બે કિશોરોની ઓળખ નિર્મલ હમીરભાઈ ચુડાસમા અને ભાવસિંહભાઈ ભરતભાઈ ચુડાસમા તરીકે થઈ છે.સ્થાનિક માછીમારો અને સુરક્ષા તંત્ર દ્વારા લાપતા બંને કિશોરોની શોધખોળ માટે દરિયામાં મોટા પાયે રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કરી દેવામાં આવ્યું છે. આ કરૂણ બનાવને પગલે છારા ગામ સહિત સમગ્ર કોડીનાર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે અને કિશોરોના પરિવારજનોમાં ભારે આક્રંદ અને શોકનું મોજું ફરી વળ્યું છે.

આઈ.ટી.આઈ. દશરથ ખાતે પ્રવેશ પ્રક્રિયાનો ચોથા રાઉન્ડ

● વડોદરા, તા.૪

આઈ.ટી.આઈ. દશરથ ખાતે ચોથા રાઉન્ડમાં ખાલી રહેલી બેઠકો પર પ્રવેશની કામગીરી રોજેરોજ વહેલા તે પહેલાનાં ધોરણે તા.૦૭/૦૮/૨૦૨૬ થી ૧૪/૦૮/૨૦૨૬ સુધી થશે. આઈ.ટી.આઈ. દશરથ ખાતે જુજ બેઠકો ખાલી હોય, પ્રવેશ ઈચ્છુક વિદ્યાર્થીઓએ તમામ દસ્તાવેજ અને જરૂરી ફી સાથે રૂબરૂ સંસ્થામાં હાજર રહેવા આચાયશ્રી, ઔદ્યોગિક તાલીમ સંસ્થા દશરથ,વડોદરાની અખબારી યાદીમાં જણાવાયું છે.

પાણી ભરાયેલી સાઇટો સામે ચેતવણી : ૧,૦૦૦થી વધુ સાઇટોની તપાસમાં ૨૧૧ સ્થળોએ મચ્છરોનું બ્રિડિંગ મળી આવ્યું

અમદાવાદમાં રોગચાળો રોકવા AMC એક્શનમાં, ૧૬ કન્સ્ટ્રક્શન સાઇટ સીલ

● અમદાવાદ, તા.૪

અમદાવાદ શહેરમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળાને કાબૂમાં લેવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના આરોગ્ય વિભાગે વ્યાપક અભિયાન શરૂ કર્યું છે. શહેરના સાત ઝોનમાં આવેલી ૧,૦૦૦થી વધુ કન્સ્ટ્રક્શન સાઇટોની તપાસ દરમિયાન ૨૧૧ સ્થળોએ મચ્છરોનું બ્રિડિંગ મળી આવતાં તંત્રે કડક કાર્યવાહી હાથ ધરી છે. નિયમોનું ઉલ્લંઘન કરનાર ૧૬ કન્સ્ટ્રક્શન સાઇટોને તાત્કાલિક સીલ કરવામાં આવી છે, જ્યારે ૩૪૯ સાઇટોને નોટિસ ફટકારવામાં આવી છે.

આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર, જ્યાં પાણી ભરાયેલું જોવા મળશે અથવા મચ્છરોનું બ્રિડિંગ મળશે ત્યાં જવાબદાર સંચાલકો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. કોર્પોરેશને તમામ કન્સ્ટ્રક્શન સાઇટના મેનેજરો અને જવાબદારોને સ્પષ્ટ સૂચના આપી છે કે વરસાદી પાણીનો ભરાવો તાત્કાલિક દૂર કરવામાં આવે. આ સાથે જ સંબંધિત અધિકારીઓની રજાઓ પણ રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે જેથી રોગચાળો નિયંત્રણની કામગીરી સતત ચાલુ રહી શકે.શહેરમાં ડેન્ગ્યુ અને મેલેરિયાના કેસોમાં પણ વધારો નોંધાઈ રહ્યો છે. અત્યાર સુધીમાં ડેન્ગ્યુના ૬૦ અને મેલેરિયાના ૩૮ કેસ નોંધાયા છે. માત્ર જુલાઈ મહિનામાં જ ડેન્ગ્યુના ૪૦ કેસ સામે આવ્યા છે. ઉપરાંત પાણીજન્ય અને પાચનતંત્ર સંબંધિત રોગોના કેસ પણ ચિંતાજનક રહ્યા છે. જુલાઈ દરમિયાન ઝાડા-ઉલટીના ૪૨૨, ટાઈફોઈડના ૨૬૭ અને કમળાના ૮૮ કેસ નોંધાતા આરોગ્ય વિભાગ વધુ સતર્ક બન્યું છે.

તપાસ દરમિયાન લેવામાં આવેલા પાણીના નમૂનાઓમાંથી ૪૭ સેમ્પલ નિષ્ફળ સાબિત થયા છે, જેનાથી અશુદ્ધ પાણી પણ રોગચાળો ફેલાવવાનું એક મહત્વનું કારણ હોવાનું સામે આવ્યું છે. આરોગ્ય વિભાગે કન્સ્ટ્રક્શન સાઇટના સંચાલકોને પાણી ભરાયેલા સ્થળોએ તરત જ ઓઇલનો ઉપયોગ કરીને મચ્છરોનું બ્રિડિંગ અટકાવવાના આદેશ આપ્યા છે.

મચ્છરોના ઉપદ્રવને નિયંત્રણમાં લેવા માટે અત્યાર સુધીમાં શહેરના વિવિધ વિસ્તારોમાં આશરે ૧,૮૦૦ ઓઇલ બોલનો ઉપયોગ કરવામાં આવ્યો છે. AMCએ તમામ સાઇટ સંચાલકોને ચેતવણી આપી છે કે જો આગામી તપાસ દરમિયાન ફરીથી મચ્છરોનું બ્રિડિંગ અથવા પાણીનો ભરાવો જોવા મળશે તો વધુ કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

ઓથોરિટી નવા બનતા નેશનલ હાઈવે પર ટ્રોમા સેન્ટર અને પ્રાથમિક સારવાર કેન્દ્ર સ્થાપવા વિચાર કરેઃ હાઈકોર્ટ

હાઈકોર્ટની NHAI સામે લાલ આંખ, હાઈવે નિર્માણ વખતે બન્ને તરફ ફેન્સિંગ કરવા ટકોર

● અમદાવાદ, તા.૪

ગુજરાતમાં રખડતા શ્વાનના મુદ્દે ગુજરાત હાઈકોર્ટમાં ચાલી રહેલી સુઓમોટો અરજી પર આજે મહત્વપૂર્ણ સુનાવણી હાથ ધરાઈ હતી. આ સમગ્ર સુનાવણી દરમિયાન રખડતા પશુઓ અને શ્વાનના કારણે હાઈવે પર ઊભી થતી સમસ્યાનો મુદ્દો પણ ચર્ચામાં આવ્યો હતો. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા એટલે કે એનએચએઆઈની કામગીરી અંગે હાઈકોર્ટે નારાજગી વ્યક્ત કરી હતી અને હાઈવેની સલામતી અંગે પણ કડક ટકોર કરી હતી.

હાઈકોર્ટે સૂચન કર્યું હતું કે નવા હાઈવેનું નિર્માણ કરવામાં આવે ત્યારે હાઈવેની બંને બાજુ યોગ્ય ફેન્સિંગ કરવામાં આવે. જેથી રખડતા પશુઓ અને શ્વાન હાઈવે પર ન આવી શકે અને તેના કારણે થતા અકસ્માતોને અટકાવી શકાય.

આ ઉપરાંત નવા હાઈવેના નિર્માણ સમયે ટ્રોમા સેન્ટર અને પ્રથમ સારવાર કેન્દ્ર અંગે પણ ઓથોરિટી દ્વારા આયોજન કરવામાં આવે તે જરૂરી હોવાનું હાઈકોર્ટે જણાવ્યું હતું. અકસ્માતની સ્થિતિમાં ઈજાગ્રસ્તોને ઝડપથી સારવાર મળી રહે તે માટે હાઈવે પર પૂરતી આરોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ હોવી જરૂરી હોવાનું કોર્ટે નોંધ્યું હતું. હાઈકોર્ટે એ મુદ્દે પણ ટકોર કરી હતી કે દેશમાં અનેક હાઈવે પર ટ્રોમા સેન્ટર અને પ્રથમ સારવાર કેન્દ્રોની પૂરતી સુવિધા ઉપલબ્ધ નથી. આવી સ્થિતિમાં હાઈવેના નિર્માણ અને વિકાસ સાથે માર્ગ સલામતી તથા તાત્કાલિક સારવારની વ્યવસ્થાને પણ પ્રાથમિકતા આપવી જરૂરી છે.

હાઈકોર્ટે નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા વસૂલવામાં આવતા ટોલનો પણ ઉલ્લેખ કર્યો હતો. હાઈવે પરથી મોટા પ્રમાણમાં ટોલ વસૂલવામાં આવે છે ત્યારે હાઈવેની સલામતી, યોગ્ય ફેન્સિંગ, અકસ્માત નિવારણ અને તાત્કાલિક સારવાર જેવી સુવિધાઓ અંગે પણ ગંભીરતાથી વિચાર કરવાની જરૂર હોવાનું કોર્ટે જણાવ્યું હતું.

મુખ્ય સરકારી વકીલ જી. એચ. વિર્કે કોર્ટ સમક્ષ રાજ્ય સરકારની કામગીરી અંગે રજૂઆત કરતાં જણાવ્યું હતું કે રખડતા શ્વાનના ખસીકરણ અને રસીકરણથી લઈને પ્રાણીઓની દેખરેખ માટે તૈયાર કરવામાં આવેલા કેન્દ્રો, દરેક જિલ્લામાં એનિમલ બર્થ કંટ્રોલ સેન્ટર ઊભાં કરવાની કામગીરી અને અમદાવાદમાં ટેક્નોલોજી આધારિત પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરવાની સરકારની તૈયારી અંગે માહિતી આપી હતી. સમગ્ર સુનાવણીમાં હાઈકોર્ટનો ભાર એ રહ્યો કે રખડતા શ્વાનની સમસ્યાનો ઉકેલ માત્ર ખસીકરણ અને રસીકરણના આંકડા પૂરતો ન રહે. રાજ્યમાં રખડતા શ્વાનની ચોક્કસ ગણતરી, વિસ્તારવાર મોનિટરિંગ, રસીકરણની સ્થિતિ, આક્રમક સ્વભાવ ધરાવતા શ્વાનની ઓળખ, વધેલા ખોરાકના યોગ્ય નિકાલ અને હાઈવે પર ફેન્સિંગ જેવી બાબતોને એકસાથે ધ્યાનમાં લેવાની જરૂર છે.

૪૪,૪૮૩ શ્વાનનું રસીકરણ અને ૩૬,૧૩૨નું ખસીકરણ કરાયુંઃ સરકાર

હાઈકોર્ટમાં સુનાવણી દરમિયાન રાજ્ય સરકારે રખડતા શ્વાનના ખસીકરણ, રસીકરણ, પ્રાણીઓની દેખરેખ અને ભવિષ્યના આયોજન અંગે કોર્ટ સમક્ષ વિગતવાર જવાબ રજૂ કર્યો હતો. રાજ્ય સરકાર તરફથી મુખ્ય સરકારી વકીલ જી. એચ. વિર્કે સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી કામગીરી અને આગામી આયોજન અંગે કોર્ટને માહિતી આપી હતી.

રાજ્ય સરકારના જણાવ્યા મુજબ રાજ્યના ૩૪ જિલ્લાઓમાં પ્રાણીઓની દેખરેખ માટે કુલ ૩૩ વિશેષ કેન્દ્રો તૈયાર કરાયા છે. આ ઉપરાંત રાજ્યના દરેક જિલ્લામાં એનિમલ બર્થ કંટ્રોલ સેન્ટર શરૂ કરવાની દિશામાં પણ સરકાર દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. સરકારે હાઈકોર્ટને જણાવ્યું હતું કે છેલ્લા ૧૮૦ દિવસમાં રાજ્યમાં કુલ ૩૬,૧૩૨ પ્રાણીઓનું ખસીકરણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ૪૪,૪૮૩ રખડતા શ્વાનનું રસીકરણ કરવામાં આવ્યું હોવાનું પણ સરકાર દ્વારા કોર્ટ સમક્ષ જણાવાયું હતું.

નારી વંદન ઉત્સવ અંતર્ગત રઘુકુલ સ્કૂલમાં માસિક સ્વચ્છતા અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

● વડોદરા, તા.૦૪

મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા ઉજવાઈ રહેલા નારી વંદન ઉત્સવ અંતર્ગત બેટી બચાવો, બેટી પઢાવો દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. જેમાં વડોદરાની રઘુકુલ સ્કૂલ ખાતે કિશોરીઓ માટે માસિક સ્વચ્છતા Menstrual Hygiene અંગે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કિશોરીઓને માસિક સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ લાવવાનો, સાયબર સુરક્ષા અંગે સાવચેત બનાવવાનો, તથા આત્મવિશ્વાસ સાથે સ્વસ્થ અને સુરક્ષિત જીવનશૈલી અપનાવવા માટે પ્રેરિત કરાઈ હતી.

કાર્યક્રમ દરમિયાન ડિસ્ટ્રિક્ટ મિશન કો-ઓર્ડિનેટર હેતલબેન જોશી દ્વારા કિશોરીઓને માસિક ચક્રને લગતી વૈજ્ઞાનિક સમજણ આપતાં જણાવ્યું હતું કે, માસિક એ દરેક યુવતીના જીવનની સ્વાભાવિક પ્રક્રિયા છે. તેમણે માસિક દરમિયાન વ્યક્તિગત સ્વચ્છતા જાળવવાની પદ્ધતિ, સેનિટરી નેપકીનનો યોગ્ય ઉપયોગ, સમયસર તેને બદલવાની આવશ્યકતા, પૌષ્ટિક આહારનું મહત્વ તેમજ માસિક અંગે સમાજમાં રહેલી ગેરમાન્યતાઓ અને સંકોચ દૂર કરવાની જરૂરિયાત અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

આ ઉપરાંત She Teamના પ્રતિનિધિઓ દ્વારા કિશોરીઓને સાયબર સુરક્ષા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સોશિયલ મીડિયાનો સુરક્ષિત ઉપયોગ, ૧૯૩૦ સાયબર હેલ્પલાઈનનો સંપર્ક કરવો તેમજ ડિજિટલ માધ્યમનો જવાબદારીપૂર્વક ઉપયોગ કરવો તે અંગે ઉપયોગી માહિતી આપવામાં આવી હતી. તેમજ ૧૮૧ મહિલા હેલ્પલાઈન દ્વારા મહિલાઓ અને બાળાઓ માટે ઉપલબ્ધ સહાય સેવાઓ અંગે માહિતી આપવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી યોજી તેમની જિજ્ઞાસાઓનું સંતોષકારક નિરાકરણ કરવામાં આવ્યું હતું. મહિલા અને બાળ અધિકારી કચેરી, વડોદરાના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં DHEW, ૧૮૧ મહિલા હેલ્પલાઈન, She Team તથા PBSCના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં રઘુકુલ સ્કૂલના આચાયશ્રી, શિક્ષકગણ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થિનીઓ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

ગુજરાત સ્ટેટ એક્વાટિક ચેમ્પિયનશિપમાં વડોદરાના સ્વિમર્સેનો ડંકો

૨૮ ગોલ્ડ, ૩૬ સિલ્વર અને ૪૬ બ્રોન્ઝ મળી કુલ ૧૧૦ મેડલ જીતીને સ્પર્ધાત્મક સ્વિમિંગમાં વડોદરાનું વર્ચસ્વ દર્શાવ્યું

● વડોદરા, તા. ૪

અમદાવાદ ખાતે યોજાયેલી ગુજરાત સ્ટેટ જુનિયર અને સબ-જુનિયર એક્વાટિક ચેમ્પિયનશિપ ૨૦૨૬માં વડોદરાના સ્વિમર્સે શાનદાર પ્રદર્શન કરતા ૨૬-૨૮ જૂન અને ૪-૫ જુલાઈ દરમિયાન બે તબક્કામાં યોજાયેલી સ્પર્ધામાં કુલ ૧૧૦ મેડલ જીત્યા હતા. ખેલાડીઓએ ૨૮ ગોલ્ડ, ૩૬ સિલ્વર અને ૪૬ બ્રોન્ઝ મેડલ મેળવીને રાજ્યની શ્રેષ્ઠ પ્રદર્શન કરનારી ટીમ તરીકે ઉભરી આવ્યા હતા.

આ શાનદાર પ્રદર્શને સ્વિમિંગ ક્ષેત્રે તેમના પ્રભુત્વને દર્શાવ્યું છે. મેડલ વિજેતાઓમાં મુખ્યત્વે માધવ દૌડિયાએ ૬ ગોલ્ડ અને ૧ સિલ્વર, અવનિ સિંહે ૩ ગોલ્ડ અને ૨ સિલ્વર, તથા જૈવલ જાનીએ ૩ ગોલ્ડ, ૧ સિલ્વર અને ૧ બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. અન્ય ગોલ્ડ મેડલ વિજેતાઓમાં ભવ્ય મહેતાએ ૨ ગોલ્ડ અને ૪ સિલ્વર, જયદીપ કથિરીયાએ ૨ ગોલ્ડ અને ૩ સિલ્વર, સ્મૃતિ સિંહે ૨ ગોલ્ડ અને ૩ સિલ્વર, હર્ષ માહેશ્વરીએ ૨ ગોલ્ડ, ૧ સિલ્વર અને ૩ બ્રોન્ઝ, હર્ષિલ વાઘે ૨ ગોલ્ડ અને ૩ બ્રોન્ઝ, આરુષ લાંજેવારે ૨ ગોલ્ડ અને ૧ બ્રોન્ઝ, શુભમ મેરે ૨ ગોલ્ડ, હિમાની ચૌહાણે ૧ ગોલ્ડ અને ૪ સિલ્વર તથા ગુરપ્રીત સિંહ સિંધુએ ૧ ગોલ્ડ અને ૧ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. આ સિવાય અન્ય ઘણા સ્વિમર્સે વિવિધ વયજૂથમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

આ ખેલાડીઓ કોચ વિવેક સિંહ બોરલિયા અને કૃષ્ણા પંડ્યાના માર્ગદર્શન હેઠળ તેમજ ટ્રેનર્સ સુબોધ કુમાર અને બિપિન કુમારના સહયોગથી તાલીમ મેળવે છે. તેમનું આ શાનદાર પ્રદર્શન મહિનાઓની શિસ્તબદ્ધ તાલીમ દર્શાવે છે અને સમા ઈન્ડોર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સની ગુજરાતના અગ્રણી સ્વિમિંગ સેન્ટર તરીકેની પ્રતિષ્ઠાને મજબૂત કરે છે. જિલ્લા રમત વિકાસ અધિકારી વિસ્મય વ્યાસ અને જિલ્લા રમતગમત અધિકારી દિનેશ કદમે આ અસાધારણ સિદ્ધિ બદલ એથ્લેટ્સ, કોચ અને સપોર્ટ સ્ટાફને વડોદરા અને ગુજરાતનું ગૌરવ વધારવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

વડોદરાના છાણી પોલીસ સ્ટેશન વિસ્તારમાં અજાણ્યા પુરુષનું મરણ થયું

વડોદરા, તા.૪ :વડોદરાના છાણી પોલીસ સ્ટેશન વિસ્તારની હદમાં આવેલ જી.એસ.એફ.સી બ્રીજ પાસે છાયાપુરી બ્રીજ ચડતા મહિન્દ્રા શો રૂમ પાસે રસ્તો ક્રોસ કરતા દરમિયાન ફિરોજભાઈ સુલાતાનભાઈ વ્હોરા ઓટોરીક્ષા રાજી નં.GJ-06-BW-8589 લઈને પુરપાટ ઝડપે અને ગફલતભરી રીતે ચલાવતા એક અજાણ્યો પુરુષ તા.૧૩-૦૫-૨૦૨૬ ના રોજ આશરે ૨૨.૩૮ વાગ્યે ટક્કર મારી અકસ્માત કરતા માથાના ભાગે ગંભીર ઈજા થતા સારવાર અર્થે એસ.એસ.જી ખાતે દાખલ કરેલ જેનું તા.૩૧-૦૭-૨૦૨૬ ના રોજ આશરે ૦૬.૧૫ વાગ્યે સારવાર દરમિયાન મરણ થયેલ છે. મરણજનારની ઓળખ ઉંમર આશરે ૩૮ વર્ષનો, શરીરે પાતળા બાંધાનો, રંગે ઘઉં વર્ણનો અને જમણા હાથે છુંદણુ કોતરાવેલ છે મરણજનારના વાલીવારસોને છાણી પોલીસ સ્ટેશન નં.૬૩૫૯૬૨૬૫૫૮ ઉપર સંપર્ક કરવા માટે જણાવાયું છે.

પશ્ચિમ રેલવે

વિવિધ વિદ્યુત અને સામાન્ય સેવા કાર્યો

ડેપ્યુટી ચીફ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર, (બાંધકામ) પશ્ચિમ પ્રતાપનગર, વડોદરા રેલ્વે, આમંત્રિત કરે છે **ટેન્ડર સૂચના નંબરઃ TR-C-09-2026-P તારીખ ૩૧.૦૭.૨૬ કાર્ય અને સ્થાનઃ** સ્ટેશન બિલ્ડીંગ, સર્વિસ બિલ્ડીંગ, પ્લેટફોર્મ, કવર શેડ, FOB/સબવે, ફરતું ક્ષેત્ર, સ્ટાફ ક્વાર્ટર જેવા રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરના સપ્લાય, બાંધકામ, ફેરફાર, પરીક્ષણ અને કમિશનિંગ, વીજળીકરણ, આંતરિક વાયરિંગ અને સંકળાયેલ ઈલેક્ટ્રિકલ જનરલ સર્વિસીસ કાર્યો સહિત વિવિધ ઈલેક્ટ્રિકલ અને સામાન્ય સેવા કાર્યો, જેમાં હાલની ઈલેક્ટ્રિકલ સંપત્તિઓનું વિસર્જન અને અન્ય વિવિધ ઈલેક્ટ્રિકલ કાર્યોનો સમાવેશ થાય છે. વડોદરા ડિવિઝન, પશ્ચિમ રેલ્વેના વિવિધ વિભાગો માટે બાંધકામ એકમ હેઠળ. આશરે. **કામનો ખર્ચઃ ₹૪૩૩૩૧૫૦.૪૨ બિડ સિક્યોરિટીઃ ₹૮૬૬૬૦૦ બિડિંગ શરૂ થવાની તારીખ અને સમયઃ ૧૧.૦૮.૨૬ ટેન્ડર બંધ થવાની તારીખ અને સમયઃ ૨૫.૦૮.૨૬, ૧૫:૦૦ કલાક સુધી. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો.** 0450

અમને લાઇક કરો : facebook.com/WesternRly

Sudeep Pharma Limited

Delivering Products That Matter

Sudeep Pharma Limited
(CIN : L24231GJ1989PLC013141)
Regd. Office: 129/1/A, GIDC, Nandesari - 391 340, Baroda, Gujarat, INDIA.
Tel. No. : +91 2652840656 / 329 1354
E-mail : cs.sudeep@sudeepgroup.com
URL : https://www.sudeeppharma.com/

EXTRACT OF UN-AUDITED CONSOLIDATED FINANCIAL RESULTS FOR THE FIRST QUARTER ENDED 30TH JUNE, 2026

(₹ in Lakhs)

Particulars	Consolidated Results		
	Quarter ended		Year ended
	30.06.2026	30.06.2025	31.03.2026
	(Un-audited)	(Un-audited)	(Audited)
Total Income from operations	16,371.59	13,007.60	67,084.34
Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and / or Extraordinary items)	5,429.26	4,407.20	22,807.44
Net Profit / (Loss) for the period before tax (after Exceptional and / or Extraordinary items)	5,429.26	4,407.20	22,807.44
Net Profit / (Loss) for the period after tax (after Exceptional and / or Extraordinary items)	4,058.69	3,126.92	17,428.47
Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and other Comprehensive Income (after tax)]	4,053.48	2